# સ્ત્રી

## દીકરી—પત્ની—માતા

- શ્રીમતી ગીતા ઉનડકટ

સ્ત્રીસંવેદના વ્યક્ત કરતું અને સફળતમ સ્ત્રી
બનવાની પ્રેરણા આપતું લોકપ્રિય પુસ્તક




RUDRA
PUBLICATION
...publishing positivity...

25/B, Govt. Society, B/h, Municipal Market.
Off. C.G. Road, Navrangpura, Ahmedabad-380 009.
Ph.:079-26447393 • Mobile:098259 25947

rudrapublication1@gmail.com
inforudrapublication@gmail.com
www.rudrapublication.com
Buy online www.clickabooks.com

For Home Delivery:Mobile : +91-99241 43847

# સ્ત્રી-દીકરી-પત્ની-માતા

શ્રીમતી ગીતા ઉનડકટ-ચવાતમાલ (M.S.)

**Copyright@Adhia International**

All Rights reserved. No Part of this publication may be reproduced, stored in a retrieval system or transmitted, in any form or by any means, electronic, mechanical, photocopying, recording or otherwise without the prior written permission of the copyright owner.

ISBN : ISBN : 978-93-80420-26-4

9th Edition : May, 2017

₹ 130/-

---

આ પુસ્તક ભેટ આપવા હેતુ બલ્ક ઓર્ડર ઉપર સ્પે. ડિસ્કાઉન્ટ આપવામાં આવશે.
આ સાથે ભેટ આપનારના નામ તથા સંદેશા સાથેનું એક પેજ પણ
તેમાં પેસ્ટ કરી આપવામાં આવશે.

---

: Printing & Distribution :
**Rudra Publication**
**Office : 079-26447393**
**M. +91-99241 43847**

: Typeset by :
**Manu Patel**
76 2287 2270

: Publisher :
**Adhia International**
Email: jeetadhia@gmail.com
www.dradhia.com
www.mindtraininginstittute.net
Mobile : 84 8888 1213

# સપ્રેમ ભેટ

સુશ્રી..............................................................................ને

આપના જીવનના અતિ મહત્ત્વના પ્રસંગે :

– આપ સદાય જીવનનો મહોત્સવ માણો

– આપ જીવનમાં સુખ-શાંતિ, સમૃદ્ધિ અને સફળતા પામો

– આપનો આગામી સમય મધુરતમ બની રહો

– આપના જીવનનો સંપૂર્ણ અને હકારાત્મક વિકાસ થાઓ

– આપનાં દરેક સપનાં પૂર્ણતઃ સાકાર થાઓ

એવી સર્વે શુભેચ્છાઓ સાથે
આ નાનકડી ભેટ અર્પણ કરતા આનંદ અનુભવું છું.

આપનો શુભ ચિંતક,

.................................... (સહી)

તારીખ : ...........................  સ્થળ : ...........................

# અર્પણ...

"સ્ત્રી" પુસ્તકનું સર્જન કરવાની જેમણે
મને પ્રેરણા આપી એ ડૉ. અઢિયાને સ્વયંને
આવી પ્રેરણા આપનાર એમનાં પત્ની... જેમણે સૌ પ્રથમ
મારી સુષુપ્ત લેખન પ્રતિભાને પિછાણી અને લેખિકા બનવાનું
સૂચન કરી મારા જીવનને એક નવી રાહ આપી...

એ

**શ્રીમતી ભાનુબહેન અઢિયાને**

પુષ્પ રૂપે અર્પણ...!

– શ્રીમતી ગીતા ઉનડકટ

# નારીની તો વાત જ ન્યારી...

જે સ્વયં સર્જનહારનું સ્વરૂપ છે અને જેના વડે મનુજ-જાતિ સદૈવ ધન્ય છે એવી 'સ્ત્રી'ને કેન્દ્રમાં રાખી સૌ. ગીતાબેન ઉનડકટે 'સ્ત્રી' પુસ્તકનું સર્જન કર્યું છે.

સ્ત્રી પુત્રી છે, પત્ની છે, માતા છે. સ્ત્રી એક છે પણ એના રૂપ અનેક છે.

ભારતીય સમાજનો અને સંસ્કૃતિનો વિચાર કરીએ અને એમાં સ્ત્રીનું સ્થાન જોવાનો પ્રયત્ન કરીએ ત્યારે એ જ સમજાતું નથી કે સત્ય શું છે અને અસત્ય શું છે? તે પછી આપણા દેખાડવાના અને ચાવવાના જુદા છે? સ્ત્રી સાથેનો આપણો વ્યવહાર માનવતાના કોઈ પણ માપદંડે આઘાતજનક ને અક્ષમ્ય છે.

વિચાર-વાણી-વર્તન દ્વારા સફળ સ્ત્રી સમાજનું સર્વતોમુખી કલ્યાણ કરી શકે. સ્ત્રીનું અલગ અસ્તિત્વ અને સ્વતંત્ર વ્યક્તિત્વ ખીલે-ખૂલે, ફૂલે-ફાલે એમાં જ સમાજનું હિત છે.

'સ્ત્રી' પુસ્તકમાં હૈયાને હચમચાવી મૂકે એવું કશું નથી પણ હૈયાને હળવેથી સ્પર્શી જાય એવુ ઘણું બધું છે. અહીં ભાષાની સરલતા છે, જ્ઞાનની ગહનતા છે, વિચારોની વ્યાપકતા છે અને રજૂઆતની મૌલિકતા છે. નારીજીવનની વ્યથા પણ છે અને રમ્ય કથા પણ છે. 'સ્ત્રી' વિશેના ઉત્તમ અવતરણો આ પુસ્તકની મોંઘી મૂડી છે.

આદર્શ ગૃહિણી બનવાની પ્રેરણા આપે તેવું, વિચારોની ખાણ જેવું 'સ્ત્રી' પુસ્તક વારંવાર વાંચવા જેવું, વિચારવા જેવું અને વાગોળવા જેવું છે.

'સ્ત્રી' પુસ્તકનું સર્જન એક અનોખી ઘટના છે.
એ ઘટનામાં પણ ઘટના છે.
તમને એવું કંઈ કશું નહિને અમને એની રટના છે.

વિદર્ભના ગુજરાતી આકાશની શુક્ર તારા સમી તેજસ્વીને ઓજસ્વી લેખિકા સૌ. ગીતાબેન ઉનડકટની સાથે સાથે આ પુસ્તકના પ્રેરકબળ સમા ડૉ. જિતેન્દ્ર અઢિયા અને પ્રોત્સાહક ડૉ. સુરેશ ઉનડકટ પણ આપણા અભિનંદનના અધિકારી છે.

અસ્તુ, ઇતિ અલમ્ ।। અખંડ ભવતુ ભારતમ્ ।।

પ્રાચાર્ય ભાસ્કર વ્યાસ
અધ્યક્ષ
અન્ય ભારતીય ભાષા અભ્યાસમંડળ,
નાગપુર વિશ્વવિદ્યાલય, નાગપુર.

# એક નવી લેખિકાનો ઉદય

## ડૉ. જિતેન્દ્ર અઢિયા



શ્રીમતી ગીતા ઉનડકટને હું વર્ષોથી ઓળખું છું. અમારા કૌટુંબિક સંબંધો બહુ જૂના છે. કેમ કે મૂળ તો તેઓ રાજકોટના છે. એમાં યવતમાલમાં રહેનારા મારા સાળા ડૉ. સુરેશ ઉનડકટ સાથે એમના લગ્ન થયાં અને સંબંધો વધુ ગાઢ બન્યા. નાનપણથી જ એમને વાંચવાનો ખૂબ શોખ. લગ્નપૂર્વેનાં વર્ષોમાં કોલેજકાળ દરમિયાન તેમણે ગ્રંથાલયોમાં અનેકવિધ વિદ્યાયાત્રા કરી છે.

એમનો શાંત અને નિર્મળ સ્વભાવ. કુટુંબમાં દરેક પ્રત્યે અતિશય લાગણી અને સ્નેહ. દરેક માટે કાંઈક કરી છૂટવાની ભાવના. બીજાના સુખે સુખી અને બીજાના દુઃખે દુઃખી થવાનો એમનો સ્વભાવ. પોતાના જીવનને એમણે ભારે ખંતથી ખેડ્યું છે. એમનો પુત્ર ભૂષણ પણ ભવિષ્યમાં એક સફળ ડૉક્ટર તરીકે કેરિયર બનાવવામાં અતિકાર્યશીલ છે. લગ્નજીવનનાં 25 વર્ષો બાદ - સંયુક્ત કુટુંબની દરેક જવાબદારીઓ નિભાવતા રહીને આજે પણ તેમણે પોતાની વિચારચેતના જીવંત રાખેલી છે. મારાં પુસ્તકો "પ્રેરણાનું ઝરણું", "સ્નેહનું ઝરણું" અને "ધ્યેય નિર્ધાર અને પ્રાપ્તિ" લખવામાં એમણે મને ઘણો સાથ અને સહકાર આપેલો છે અને એમાંથી જ એમને કાંઈક લખવાની પ્રેરણા મળી અને જન્મ થયો લેખિકા - ગીતા ઉનડકટનો. એમના વિચારોને શબ્દદેહ મળ્યો જે આજે "સ્ત્રી" પુસ્તકરૂપે આપના હાથમાં છે.

સ્ત્રીઓના શોષણ, અત્યાચાર અને અધિકાર વિષે, તેમની શક્તિ અને નારીવાદી ચળવળ વિષે અત્યાર સુધી ઘણું લખાયું છે, પરંતુ આ પુસ્તકમાં પહેલી જ વાર એક સ્ત્રી કૌટુંબિક ભૂમિકા નિભાવવાની સાથે સાથે વિશેષ શું શું કરી શકે છે તેના તરફથી સ્નેહ અને સન્માન મેળવનાર ગીતાબહેનની લેખનશૈલીમાં ક્યાંય કડવાશ નથી, પરંતુ પુસ્તકના દરેક પાને સ્ત્રીસમાજ પ્રત્યે એમના હૃદયની વેદના અને વિષાદ નજરે ચડે છે. જેને કારણે ફક્ત સ્ત્રીઓ માટે જ નહિ પણ સમાજની દરેક વ્યક્તિ માટે "સ્ત્રી" પુસ્તક મનનીય બનશે.

## આ પુસ્તક શા માટે...?

**- શ્રીમતી ગીતા ઉનડકટ**



હું જાણું છું કે "સ્ત્રી" વિષય ઉપર આજ સુધી અનેક લેખકોએ અનેક પુસ્તકો લખેલા છે, પરંતુ સ્ત્રીઓ માટે એક સ્ત્રી દ્વારા લખાયેલ "સ્ત્રી" વિષય ઉપરનું આ કદાચ પ્રથમ સર્જન હશે. એક સ્ત્રી બીજી સ્ત્રીનું મન જે રીતે સમજી શકે, જાણી શકે અને વાંચી શકે એટલું કદાચ કોઈ પુરુષ ના કરી શકે. એક સ્ત્રી પોતાના અનુભવ પરથી બીજી સ્ત્રીની મનોવેદનાને અનુભવી શકે છે. તેના દિલના દર્દને મહેસુસ કરી શકે છે.

આઝાદીના 50 વર્ષ પછી આજે 21મી સદીમાં કાયદાની દૃષ્ટિએ અનેક સમાન હકો મળવા છતાંયે સમાજમાં સ્ત્રીની હાલત થોડેઘણે અંશે જ પરિવર્તન થયેલી છે. અમુક અપવાદ બાદ કરતાં સ્ત્રી તો જ્યાં હતી ત્યાં જ છે. જે કાંઈ સુધારો દેખાય છે. તે ફક્ત બાહ્ય જ છે. એટલે કે પહેલાં સ્ત્રી ઘરનો ઉંબરો ઓળંગી બહાર પગ ના મૂકી શકતી તે આજે મુક્ત રીતે હરીફરી શકે છે. બાકી તેનું આંતરિક ગૃહજીવન તો એકંદરે રૂઢિગત, સંઘર્ષમય, સમસ્યાથી ભરેલું અને પીડાદયક જ છે. દેશની અડધોઅડધ વસ્તી એવી સ્ત્રીજાતિના જીવનમાં પરિવર્તન લાવવું ખૂબ જરૂરી છે. સમાજનું આ અડધું અંગ સુખી અને સ્વસ્થ રહે અને સમાજ સ્ત્રીસંવેદનાને સમજે એટલા માટે મારી સ્ત્રી સહજ લાગણીને શબ્દદેહ આપવાનો મેં પ્રયાસ કરેલો છે.

આશા છે કે આપ સર્વે આ પુસ્તકનો સહર્ષ સ્વીકાર કરી સ્ત્રીસંવેદનાને સમજવામાં સાથ આપશો...! આ પુસ્તક દરેક સ્ત્રીને પોતાની શક્તિઓને સમજવામાં અને વિકસાવવામાં પ્રોત્સાહન પૂરું પાડે તે આશયથી સર્જવામાં આવ્યું છે. આ કૃતિને વધુ ઉત્તમ બનાવવા માટે આપ સૌને ખાસ કરીને સ્ત્રીઓને સૂચનો મોકલવા માટે મારું ભાવભીનું આમંત્રણ છે.

ટૂંકા ગાળામાં આ નવમી આવૃત્તિ આપના હાથમાં મૂકતા મને અત્યંત આનંદ થાય છે.

(નારાયણ મેડિકલ સ્ટોર, આઝાદ મેદાન સામે, યવતમાલ, મહારાષ્ટ્ર-445001)

રામાયણની શબરી અને અહલ્યા એ સતયુગની સફળ સ્ત્રીઓ હતી. જેમને શ્રીરામનાં દર્શન કરવા માટે ક્યાંયે જવું પડ્યું નથી, પરંતુ ભગવાન શ્રીરામ સ્વયં એમની ભક્તિથી આકર્ષાઇને દર્શન દેવા માટે પધાર્યા અને શબરીનાં એઠાં બોર આરોગ્યા હતા. શ્રીરામના ચરણરજના સ્પર્શના પ્રતાપે એક ઋષિપત્ની શલ્યામાંથી અહલ્યા બની હતી. આ સતયુગની નારીની ભક્તિની સફળતા છે. જેના પુણ્યના પ્રતાપે આજની આધુનિક નારી જીવનના દરેક ક્ષેત્રમાં સફળ થઈ રહી છે.

# અનુક્રમણિકા


સર્જનહારનું ઉત્તમ સર્જન – સ્ત્રી ........ 11
સ્ત્રી – અકલ્પ્ય શક્તિનો ભંડાર ........ 13
સમાજમાં સ્ત્રીનાં વિવિધ સ્વરૂપ ........ 17
'દાદા'ની દુલારી દીકરી ........ 21
દીકરી વિના સૂનો સંસાર ........ 24
દીકરી તો પારકી થાપણ કહેવાય ........ 28
ઉપેક્ષાનો અંત એ જ અપેક્ષા ........ 32
કુટુંબમાં સ્ત્રીની વિશિષ્ટ ભૂમિકા ........ 35
લગ્ન – હસ્તના નહિ, હૈયાંના મેળાપ ........ 37
સાચું સગપણ સ્નેહનું ........ 40
પતિની પ્રેરણામૂર્તિ – પત્ની ........ 43
નારી તું કદી ના હારી ........ 47
મમતાની મૂર્તિ – મા ........ 51
મા તે મા, બીજા બધા વગડાના વા ........ 55
પરિવારમાં માતા-પિતાની અવગણના ........ 62
સ્ત્રીશિક્ષણ વિના અંધારા કેમ ઉલેચાશે? ........ 67
જીવનનાં અન્ય ક્ષેત્રોમાં સ્ત્રીઓનું યોગદાન ........ 71
સ્ત્રી સ્ત્રીની દુશ્મન નથી ........ 76
શું સ્ત્રી અને પુરુષ સમાન છે? ........ 80
સ્ત્રીઓ પર થતા અત્યાચાર ઘટાડો ........ 83
કુટુંબમાં સ્ત્રીઓનું કર્તવ્ય ........ 88
દામ્પત્યજીવન મધુર કેમ બને? ........ 92
એક સફળ સ્ત્રી કઈ રીતે બનશો? ........ 96
સુખી જીવનેનાં સાત સોનેરી સોપાન ........ 100
સ્ત્રીઓએ સ્વાવલંબી થવું જરૂરી છે. ........ 106
બ્રહ્માકુમારી – સ્ત્રીઓનું પાવન સ્વરૂપ ........ 111
જીવનસંધ્યાને ખુશનુમા કેમ બનાવશો...! ........ 115
"જીવનસંધ્યાનો આનંદ" ........ 120
આભારદર્શન ........ 121
ઋણ સ્વીકાર ........ 122



સ્ત્રી જો ધારે તો -
'પોતાની પ્રગતિનો પંથ પોતે જ બનાવે,
ફૂલની જેમ જગતમાં સુગંધ પ્રસરાવે,
સૂરજની જેમ જ્ઞાનનો ઉજાસ પ્રગટાવે,
તારલાની જેમ સૃષ્ટિને ચમકાવે,
ઝરણાની જેમ પ્યાસ બુઝાવે
પંખીની જેમ ઊંચાં શિખરો પાર કરે.'



# સર્જનહારનું ઉત્તમ સર્જન – સ્ત્રી



પ્રાચીન કાળથી સ્ત્રી માટે કહેવાયું છે કે...
**"યત્ર નાર્યસ્તુ પૂજ્યન્તે, રમન્તે તત્ર દેવતાઃ"**

અભિનંદન...! સૌપ્રથમ તો એક સ્ત્રી હોવા બદલ હું સમસ્ત સ્ત્રીસમાજને અભિનંદન આપું છું. આપ સૌને કદાચ આશ્ચર્ય થશે કે હું શા માટે આમ કહું છું...! પરંતુ હું પણ એક સ્ત્રી છું અને હું જાણું છું કે સ્ત્રી હોવું એ કેટલા ગૌરવની વાત છે. નાર્યસ્તુ પૂજ્યન્તે એટલે કે નારીની પૂજા કરવાની વાત નથી, પરંતુ જ્યાં સ્ત્રીઓનું સન્માન થાય છે ત્યાં દેવતાઓનો વાસ હોય છે.

**દરેક સ્ત્રીને કોઈ ને કોઈ વિશેષતા તો સર્જનહારે આપેલી જ છે.**

માનવસમાજમાં સ્ત્રીનું અનેરું સ્થાન છે. મનુસ્મૃતિથી લઈને આજ સુધી સ્ત્રીને બધાએ "નારી તું નારાયણી" કહીને દેવી તરીકે બિરદાવેલ છે. કહેવાય છે કે જ્યારે સર્જનહારને કાંઈ ઉત્કૃષ્ટ સર્જન કરવાનો વિચાર આવ્યો હશે ત્યારે અતિ નવરાશની પળોમાં અને પોતાનું સમગ્ર કૌશલ વાપરીને જે સર્જન કર્યું એ સ્ત્રી જ છે.

જોકે મોટાભાગે સ્ત્રીઓને અફસોસ થતો હોય છે કે હું પુરુષ બની હોત તો સારું હતું. કેમ કે આપણા દેશમાં સ્ત્રીઓની હાલત બહુ દયાજનક છે, પરંતુ આવી હાલતમાંથી પણ સ્ત્રીઓ બહાર આવી શકે છે – જો તે પોતાની શક્તિને ઓળખે અને મનથી નક્કી કરે તો...! તમારા અસ્તિત્વને ઓળખો અને વિચારો કે સર્જનહારે સ્ત્રીને શું નથી આપ્યું?

પ્રેમની પ્રતિમા, ફૂલની કોમળતા, ચાંદનીની શીતળતા, ત્યાગ અને સહનશીલતા, લજ્જા અને મર્યાદા, સેવા અને શ્રદ્ધા, સુંદરતા અને મધુરતા,

સંવેદનશીલતા અને ગંભીરતા, મમતા અને ધૈર્યતા – સર્જનહારે સ્ત્રીઓને કેટકેટલું આપ્યું છે! આજે મારે તમને આ જ વાત કરવાની છે કે સ્ત્રીઓ તો પુરુષોથી પણ વધારે શક્તિ ધરાવે છે. ઈશ્વરે સ્ત્રીમાં જે કરુણા, લાગણી અને મનોબળ મૂક્યા છે તેમજ પ્રતિકૂળ પરિસ્થિતિમાં પણ અડગ રહેવાની જે તાકાત બક્ષી છે તે સર્વે અણમોલ શક્તિ છે. માનસિક રીતે પણ સ્ત્રી જ વધારે મક્કમ અને મજબૂત હોય છે એટલે જ તો કદાચ સ્ત્રીઓ પુરુષો કરતાં વધુ જીવે છે. સર્વે કરતા જાણવા મળ્યું છે કે પુરુષોનું સરેરાશ આયુષ્ય 72 વર્ષનું છે, જ્યારે સ્ત્રીઓનું સરેરાશ આયુષ્ય 77 વર્ષનું છે.

વળી દરેક સ્ત્રીને સર્જનહારે કોઈ ને કોઈ વિશેષતા તો આપેલી જ છે, એટલે સુધી કે સર્જનહારે સર્જનક્ષમતા પણ સ્ત્રીઓને જ આપેલ છે અને આ સર્જનક્ષમતા તો સૃષ્ટિના સર્જનહાર તરફથી સ્ત્રીઓને મળેલ અમૂલ્ય ભેટ છે. વળી આપણે ધ્યાનથી જોઈએ તો સિંહ અને સિંહણમાં સિંહ, મોર અને ઢેલમાં મોર, પોપટ અને મેનામાં પોપટ આમ દરેકમાં પુરુષજાત (Male) જ સુંદર છે. જ્યારે મનુષ્યજાતિ જ એક એવી છે જેમાં સુંદરતા સ્ત્રીઓને જ આપેલ છે. વળી સ્ત્રીઓનો આઈ.ક્યુ. પણ હંમેશાં ઊંચો હોય છે. રાણી લક્ષ્મીબાઈ, જીજામાતા, મધર ટેરેસા, ઇંદિરા ગાંધી અને કિરણ બેદી વગેરે આ જ સમાજમાંથી આવેલા છે, જેમાંથી આપણે આવ્યા છીએ. સ્ત્રીઓમાં જો આટલા બધા ગુણો હોય તો હવે લાગે છે ને કે સ્ત્રી હોવું એ ગૌરવની વાત છે? તો પછી આપણે આવી દયાજનક પરિસ્થિતિમાં રહેવાની શું જરૂર છે? સ્ત્રી ધારે તો શું ના કરી શકે? સ્ત્રી તો ખરેખર નસીબદાર છે. તે સાચે જ સર્જનહારનું સર્વોત્તમ સર્જન છે. માટે જ તો ભગવાન માટે પણ કહેવાય છે કે...

**"ભલેને તમે ભગવાન કહેવાતા હો રાજા**
**તોયે તમે સીતાની તોલે ના આવો હો રાજા...!"**

# સ્ત્રી – અકલ્પ્ય શક્તિનો ભંડાર



સૃષ્ટિના આરંભથી જ સ્ત્રીને શક્તિનો અવતાર માનવામાં આવે છે. એમાંય 21મી સદીની કમ્પ્યૂટર યુગની સ્ત્રી તો પોતાની શક્તિ અને મનોબળના લીધે દરેક ક્ષેત્રમાં સફળ થઈને વિકાસને પંથે જે ઝડપથી આગળ વધી રહી છે તે જોતાં તો લાગે છે કે ખરેખર સ્ત્રી અજબ શક્તિ સ્વરૂપ છે.

**સ્ત્રીની શક્તિ તેના તનમાં નહીં પણ મનમાં છે.**

આધુનિક યુગ પુરુષપ્રધાન હોવા છતાંયે આ જ પુરુષોએ પણ આ જ વાતનો સ્વીકાર કરી નારીની સ્તુતિ કરી છે. અનેક વીર પુરુષ, વિદ્વાન પુરુષ કે રાજપુરુષોએ નારીશક્તિને બિરદાવી છે. શારીરિક રીતે પુરુષ ભલે પોતાને બળવાન માને પણ સ્ત્રીની શક્તિ તેના તનમાં નહિ પણ મનમાં છે. બૌદ્ધિક રીતે સ્ત્રી ક્યાંય પુરુષ કરતાં કમ નથી, તેની આત્મશક્તિ અને વિચારશક્તિ અનેરી છે. નારીની વ્યવસ્થાશક્તિ અને આસ્થાશક્તિ અનેકગણી છે.

આજની સ્ત્રી શું નથી કરી શકતી તે પ્રશ્ન છે. તે નોકરી પણ કરે છે અને ઘરની જવાબદારી પણ સંભાળે છે. વ્યવહાર અને સંસાર બંને સંભાળે છે. ઑફિસ અને ઘર બંને જગ્યાએ એકસાથે કામ સંભાળવાનું અઘરું હોવા છતાં ઘરના સુખ માટે, પતિને આર્થિક રીતે મદદરૂપ થવા માટે સ્ત્રી કેટલો પરિશ્રમ કરે છે? પ્રતિષ્ઠા અને પદ જાળવે છે. સ્વમાન પણ સમજે છે અને

સામાજિક મૂલ્ય પણ જાણે છે. આ બધું છતાંયે સંસારમાં રહીને આદિકાળથી સાસુ-નણંદ કે દિયર-જેઠના કડવા શબ્દબાણને હૈયાં સોંસરવા ઉતારે છે. પુરુષના અભિમાન કે અપમાનને પણ સમયે સમયે જીરવી જાણે છે. કારણ કે સ્ત્રી ગજબની સહનશક્તિ ધરાવે છે. પ્રકૃતિએ સ્ત્રીનું ઘડતર જ એવું કર્યું છે કે આ શક્તિ જન્મજાત એનામાં છુપાયેલી હોય છે. સ્ત્રી જે સહન કરે છે તે પુરુષો નથી સહન કરી શકતા. સ્ત્રી જે ત્યાગ કરે છે તે પણ પુરુષો નથી કરી શકતા...

**ભગવાન બુદ્ધ પણ યશોધરાને ઓળખી શક્યા ન હતા...**

સિદ્ધાર્થ જ્યારે યશોધરા અને રાહુલ – પોતાની પત્ની અને પુત્ર – ને ઊંઘતા મૂકી અડધી રાત્રે ગૃહત્યાગ કરે છે અને તપ કર્યા પછી જ્યારે ભિક્ષા માગવા યશોધરા પાસે આવે છે ત્યારે યશોધરાના મુખમાંથી જે શબ્દો નીકળે છે કે, “તમે ગૃહત્યાગ કર્યો તેનો મને રંજ નથી. તમે તમારા જીવનનું કલ્યાણ કરવા જતા હોવ અને વચ્ચે આવું એવી હું અધમ નથી પણ તમે મને ઓળખી ના શક્યા, મારા ઉપર વિશ્વાસ ના કરી શક્યા એનું મને દુઃખ છે.“ સિદ્ધાર્થ શરમથી માથું ઝુકાવે છે. કેટલી દિવ્યતા છે નારીના ત્યાગની અને સહનશક્તિની!

આ ત્યાગ કે સહિષ્ણુતા સ્ત્રીની કાયરતા નથી પણ એના વિરલ વ્યક્તિત્વને ચમકાવનારું, નારીને નારાયણી બનાવનારું અનેરું આભૂષણ છે. સ્ત્રી કમજોર છે તે માન્યતા જ ખોટી છે. નારીશક્તિનું તો આજે ઝડપથી ઊર્ધ્વીકરણ થઈ રહ્યું છે. આજે એવું કોઈ ક્ષેત્ર નથી જ્યાં સ્ત્રીઓએ પોતાની કાબેલિયત ના બતાવી હોય. ઘરમાં અને બહારની દુનિયામાં પુરુષની હમસફર બનીને આજની નારી કાર્યશક્તિની મર્યાદાને તોડી ઝડપથી આગળ વધી રહી છે. ઇતિહાસ પણ નારીશક્તિની સાક્ષી પૂરે છે. મહાસતી અનસૂયાએ પોતાના તપોબળ દ્વારા બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ એ ત્રિદેવને બાળક બનાવીને પારણામાં ઝુકાવેલ. સતી પાર્વતીજીએ પણ ભગવાન શ્રી શંકરના – પોતાના પતિના અપમાન સામે

યોગબળથી અગ્નિ પ્રગટાવી આત્મવિલોપન કરેલ અને મહાસતી સાવિત્રીએ પણ સતના બળે યમરાજાને પણ જીતીને પતિને સજીવન કરેલ.

**બૌદ્ધિક રીતે સ્ત્રી ક્યાંય પુરુષ કરતાં કમ નથી.**

આમ સીતા, સાવિત્રી કે દમયંતી જેનો આદર્શ છે તેવી ભારતીય સ્ત્રીઓએ સહનશીલતાની મૂર્તિરૂપે, શક્તિરૂપે રણચંડી બની બતાવી આપ્યું છે કે કાયાથી નાજુક હોવા છતાંય સ્ત્રી મનથી કેટલી મહાશક્તિશાળી હોય છે. અને આ બધા ઉપરાંત તેની વિશેષ શક્તિ છે તેની સર્જનશક્તિ...! આ શક્તિ સ્ત્રીને પ્રકૃતિએ આપેલી અનમોલ શક્તિ છે. સ્ત્રી ધારે તો નરને નારાયણ બનાવી શકે છે, તેટલી ઊંચી શક્તિ કુદરતે નારીમાં મૂકેલી છે. આ સ્ત્રીશક્તિને ઓળખી પુરુષ જો એમાં સહભાગી થાય તો એનું પુરુષત્વ અને સ્ત્રીનુ સ્ત્રીત્વ પણ ખીલી ઊઠે.

'ગીતા'માં સ્ત્રીની સાત શક્તિનું વર્ણન છે; 'કીર્તિ'રૂપે રાણી લક્ષ્મીબાઈ, 'શ્રી' સ્વરૂપે એની બેસન્ટ, 'વાક' એટલે વાણીરૂપે સરોજિની નાયડુ, 'મેઘા'રૂપે મેડમ ક્યુરી, 'ભક્તિ'રૂપે મીરાંબાઈ, 'સેવા'રૂપે મધર ટેરેસા, 'ક્ષમા'રૂપે કસ્તૂરબા ઉપરાંત 'શક્તિ'રૂપે કિરણ બેદી અને 'સાહસિક'રૂપે કલ્પના ચાવલા કે પી.ટી. ઉષા જે બધાંને આપણે સારી રીતે જાણીએ છીએ. આ બધી એવી શક્તિ છે જેનું સ્વતંત્ર વ્યક્તિત્વ છે અને તેમની શક્તિને કારણે જ તેમને નામ મળ્યું છે. સંસારની દરેક સ્ત્રીમાં આવા સ્વતંત્ર અને ઝળહળતા વ્યક્તિત્વની સંભાવના રહેલી છે.

**સ્ત્રી જ્યારે પોતાની સામાજિક અને માનસિક સીમાઓના બંધનને તોડી પોતાના પ્રચંડ તેજના પ્રભાવે ઊભી થાય છે ત્યારે એની શક્તિ, એના તેજની સામે આ જગત ઝાંખું પડી જાય છે.**



દીકરી એટલે સ્નેહનું ઝરણું,
પત્ની એટલે પ્રેરણાનું ઝરણું,
માતા એટલે વાત્સલ્યનું ઝરણું,

**સ્ત્રી એટલે જ પ્રેમની પ્રતિમા.**



